## સંક્ષિપ્ત સમાચાર

### રાજપીપળા પંથકમાં વરસાદે વિરામ લેતાં લોકોને રાહત

રાજપીપળા: રાજપીપળા પંથકને બીજા રાઉન્ડમાં ધમરોળ્યા બાદ મેઘરાજાએ વિરામ લીધો હોય તેમ બુધવારે સવારથી જ ઉઘાડ નીકળતાં અને સૂર્યદેવે દર્શન દેતાં લોકોએ રાહત અનુભવી હતી. જો કે, મંગળવારે રાત્રે છૂટાછવાયાં ઝાપટાં પડ્યાં હતાં. હવે વરસાદ થંભી જાય અને ઉઘાડ સારો નીકળે તો ખેતીમાં વરાપ આવે તેવી ખેડૂતોને આશા છે.

### ભારતીય વિદ્યા ભવન્સ નાની નરોલીમાં કાર્યક્રમ

વાંકલ: ભારતીય વિદ્યા ભવન્સ જી.આઇ.પી.સી એલ. એકેડમીના આચાર્ય વૈભવ અગ્રવાલના માર્ગદર્શન હેઠળ તેજસ્વી મન (BRIGHTER MIND PROGRAM) કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો, જેમાં બી.એમ.ના શિક્ષકો અને વાલીઓ હાજર રહ્યા હતા. બ્રાઇટર માઇન્ડ કાર્યક્રમ આયોજનનો સમગ્ર શ્રેય વત્સલા વાસુદેવા (મેનેજિંગ ડિરેક્ટર-જી.આઇ.પી.સી.એલ.)ને અને શાળાનાં સચિવ એચ.પી.રાવને અર્પણ છે.

### કડોદમાં 1.79 લાખના લોખંડના સળિયા ચોરી

બારડોલી: કડોદ જીઆઇડીસીમાં ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ (GWSSB)ના પ્લાન્ટની બાંધકામ સાઇટ પર તા.15/7/2024ના રોજ લોખંડના સળિયાની 8 એમએમ અને 10 એમએમના સળિયાની કુલ 73 ભારી ઉતારી હતી. ત્યારબાદ વરસાદ ચાલુ હોય મજૂરો વતન જતા રહ્યા હતા. દરમિયાન તા.2/8/2024ના રોજ પ્લાન્ટમાં સિવિલ એન્જિનિયર તરીકે કામ કરતાં જય પ્રજાપતિ સ્થળ પર જતાં કેટલીક ભારી ઓછી થઈ ગઈ હોવાનું જાણવા મળ્યું હતું. આથી તેમણે બાંધકામ કોન્ટ્રાક્ટર દિવ્યરાજ સરવૈયા (હાલ રહે., ધુલિયા ચોકડી, બારડોલી, મૂળ રહે., સુખશાંતિ સોસાયટી, છીત્રા, ભાવનગર)ને જાણ કરી હતી, જેમાં 8 એમએમની 21 અને 10 એમએમની 16 ભારી મળી કુલ 37 ભારી કિ.રૂ.1,78,949ની ચોરી થઈ ગઈ હોવાનું જાણવા મળ્યું હતું. તેઓ પોતાના વતનમાં હોવાથી મંગળવારના રોજ બારડોલી આવતાં તેમણે બારડોલી ગ્રામ્ય પોલીસમથકમાં આ અંગે ફરિયાદ નોંધાવી હતી.

### રાજપીપળા-પોઇચા રોડ પર નાળાનું ધોવાણ થતાં તાત્કાલિક કાર્યવાહી

રાજપીપળા: નર્મદા જિલ્લામાં છેલ્લા બે દિવસથી ભારે વરસાદ ને કારણે રાજપીપળા-પોઇચા રોડ પર જેસલપુર ગામ પાસેના નાળાનું ધોવાણ થતાં વડોદરા જવાનો રસ્તો બંધ થતાં વાહનવ્યવહાર બંધ કરવામાં આવ્યો હતો. જે પ્રભારી સચિવ સંદીપ સાગલે અને ધારાસભ્યએ સ્થળ મુલાકાત લઇ સત્વરે રસ્તાની મરામત કરાવતાં વડોદરાનો વાહન વ્યવહાર ચાલુ થયો હતો. જો અધિકારીઓ અને પદાધિકારીઓ પ્રજાનાં જાહેર કામોને કાયમ ઇમરજન્સી સમજે તો વિકાસ ઝડપી બને અને કોઈ ફરિયાદ ના રહે.

### ચારણી નજીક ફેરિયાને લૂંટી લેવાયો

વાંકલ: હાલ નેત્રંગમાં રહેતા અને મૂળ કોલકાતા મુસીદાબાદ ઈમરાન હુસેન માઇનુલ ઇસ્લામ ગામેગામ વાસણ વેચવાનો ધંધો કરે છે. બપોરે પાછા ઘરે નેત્રંગ જતા હતા ત્યારે સાદડાપાણીથી ચારણી ગામ જતા રસ્તા પર નાળા પાસે 20થી 25 વર્ષ ઉંમરના ત્રણ યુવાન બાઇક લઈ આવી ત્રણેય જણાએ પકડીને મોબાઈલ 4000 રૂપિયાનો અને રોકડ 5400 રૂપિયા કાઢી 9400ની લૂંટી ભાગી છૂટ્યા હતા. આ બાબતે ઉમરપાડા પોલીસમથકમાં ફરિયાદ નોંધાવાઈ હતી. આ અંગેની વધુ તપાસ ઉમરપાડા પોલીસ કરી રહી છે.

# ભરૂચના વાલિયામાં સૌથી વધુ, આમોદમાં સૌથી ઓછો વરસાદ

**વાલિયા** 65 ઈંચ સાથે અવ્વલ, આમોદમાં આ વર્ષે સૌથી ઓછો 17.48 ઈંચ વરસાદ

**હાલ** ગોલ્ડન બ્રિજ નજીક નર્મદા નદીની જળસપાટી ૨૦ ફૂટ પર, છતાં તંત્ર એલર્ટ

અંકલેશ્વર, ભરૂચ: ઉપરવાસમાં વરસેલા વરસાદને કારણે સરદાર સરોવર ડેમમાંથી અંદાજે બે લાખ ક્યુસેક પાણી ડાઉન સ્ટ્રીમમાં છોડાતાં નર્મદા નદી અંકલેશ્વર ભરૂચ પાસે બે કાંઠે જોવા મળી હતી. બપોરે ગોલ્ડન બ્રિજ નીચે જળસપાટી ૨૦ ફૂટે નોંધાઈ હતી.

ભરૂચ જિલ્લામાં વરસાદ અનરાધાર વરસ્યો હતો અને જિલ્લાનો મોસમનો કુલ વરસાદ ૯૫૮૭ મી.મી. નોંધાયો હતો. તો બીજી તરફ ગોલ્ડન બ્રિજની જળ સપાટી બપોરે ૧૨ કલાકે ૨૦ ફૂટે પહોંચી હતી. ભરૂચ જિલ્લામાં વરસાદ અવિરત વરસી રહ્યો છે. ઓરેન્જ અને રેડ એલર્ટ દરમિયાન વરસેલા મુશળધાર વરસાદે સર્વત્ર પાણી પાણી કરી દીધું હતું. જ્યારે અગાઉ સરદાર સરોવર ડેમમાંથી છોડવામાં આવેલા અંદાજિત ૪ લાખ ક્યુસેક પાણીના કારણે ગોલ્ડન બ્રિજની જળસપાટી ૨૭ ફૂટ નજીક પહોંચી હતી. જેના કારણે નીચાણવાળા વિસ્તારોમાંથી વહીવટી તંત્ર દ્વારા સ્થળાંતરની કાર્યવાહી કરવામાં આવી હતી. જ્યારે ખેતરોમાં પણ પૂરના પાણીએ જમાવટ કરી હતી. જો કે, પૂર પરિસ્થિતિમાંથી બહાર આવી ગયા બાદ પુનઃ એકવાર મેઘરાજાએ જિલ્લાને ધમરોળી નાંખ્યો હતો અને વાલિયા તાલુકામાં ૧૮ ઈંચ વરસાદ ખાબકતાં ભારે તારાજી સર્જાઈ હતી.

ભરૂચ જિલ્લામાં વરસેલા મોસમના કુલ વરસાદ અંગે પૂર નિયંત્રણ કક્ષમાંથી જાણવા મળ્યા મુજબ જંબુસરમાં ૫૩૮ મી.મી., આમોદમાં ૪૪૪ મી.મી., વાગરામાં ૯૪૪ મી.મી., ભરૂચમાં ૧૧૫૭ મી.મી., ઝઘડિયામાં ૮૯૦ મી.મી., અંકલેશ્વરમાં ૧૧૨૨ મી.મી., હાંસોટમાં ૧૨૪૮ મી.મી., વાલિયામાં ૧૬૫૭ મી.મી. અને નેત્રંગમાં ૧૫૮૭ મી.મી. પાણી પડી ગયું છે. જો કે, હજુ પણ ચોમાસું બાકી છે.

સરદાર સરોવર નર્મદા ડેમમાં ૨,૬૫,૨૦૫ ક્યુસેક પાણીની આવક નોંધાતાં ડેમનું લેવલ ૧૩૪.૫૧ મીટર નોંધાયું હતું અને ડેમમાંથી નર્મદા નદીમાં ૨,૨૦,૫૭૫ ક્યુસેક પાણી છોડવામાં આવતાં ભરૂચ ગોલ્ડન બ્રિજ પાસે જળસપાટી ૨૦ ફૂટ પર પહોંચી હતી.

મુશળધાર વરસાદ બાદ હાલમાં ભરૂચ જિલ્લામાં વરસાદે વિરામ લીધો હોય કાંઠા વિસ્તારના લોકો ઉપરાંત તંત્રએ રાહત અનુભવી છે. જો કે, ક્યાંક પાણી ઓછા થતાં જનજીવન ધીમે ધીમે થાળે પડી રહ્યું છે.

## હાંસોટ પંથકમાંથી પસાર થતી કીમ નદી બે કાંઠે, મુખ્ય માર્ગો બેટમાં ફેરવાયા

**સાહોલથી** કોસંબાને જોડતો માર્ગ વાહન વ્યવહાર માટે બંધ થઈ ગયો



ભરૂચ: વાલિયા-નેત્રંગ તાલુકામાં મુશળધાર વરસાદના પગલે કીમ નદીમાં જળબંબાકારને લઈને હાંસોટ પંથકમાં વિનાશ વેર્યો હતો. વાલિયા પંથકમાં વરસેલા 16 ઈંચ વરસાદના પગલે કીમ નદીનું પાણી હાંસોટ પંથક તરફ વળ્યું હતું. જેના કારણે બીજા દિવસે સવારથી અંકલેશ્વરથી સુરતને જોડતા સ્ટેટ હાઇવે પર સાહોલ અને વડોલી ગામ વચ્ચે કીમ નદીના પાણી ફરી વળ્યા હતા. જેના પગલે સિઝનમાં બીજી વખત મહત્ત્વનો ગણી શકાય તેવો અંકલેશ્વરથી સુરતને જોડતો સ્ટેટ હાઇવે વાહન વ્યવહાર અર્થે બંધ કરવાની નોબત આવી હતી. કોઈ વ્યક્તિ જોખમી રીતે રસ્તો પસાર ન કરે એ માટે પોલીસ બંદોબસ્ત પણ ગોઠવી દેવાયો હતો. માર્ગ બંધ થતાં નોકરિયાત વર્ગ અને વિદ્યાર્થીઓ અટવાયા હતા. સાથે જ કીમ નદીનો ધસમસતો પ્રવાહ પણ જોવા મળ્યો હતો. કીમ નદીના વધેલા જળસ્તરના પગલે હાંસોટના પાંજરોલી અને આસરમા ગામમાં નદીના પાણી ફરી વળ્યા હતા. ગામને જોડતો મુખ્ય માર્ગ જાણે બેટમાં ફેરવાઈ ગયો હતો. જેના પગલે સાહોલથી કોસંબાને જોડતો માર્ગ વાહન વ્યવહાર માટે બંધ થઈ ગયો હતો. કીમ નદીના પાણી બંને ગામમાં પ્રવેશતા તંત્ર દ્વારા સ્થળાંતર પણ કરાવવામાં આવ્યું હતું. હાંસોટ તાલુકામાં આસરમા ગામમાંથી 52 અને પાંજરોલી ગામમાંથી 114 લોકોનું સ્થળાંતર કરાવ્યું હતું. કીમ નદીના જળ સ્તરમાં વધારો થતાં વહીવટી તંત્ર દ્વારા પરિસ્થિતિ પર નજર રાખવામાં આવી રહી છે

## વાલિયાના ફડકોઈ અને ભાગાનાં બે ફળિયાંમાં 100 લોકો પાણીમાં ફસાયા

**લોકોને** પાણીમાંથી બહાર કાઢી સ્થાનિક પ્રાથમિક શાળામાં સ્થળાંતર સાથે ભોજન અને પાણીની વ્યવસ્થા કરાઈ



ભરૂચ: મંગળવારે રેડ એલર્ટના દિવસે વાલિયા તાલુકાના ભાગા ગામ તેમજ પણસોલી ગામના ફડકોઈ ફળિયામાં આશરે 100 જેટલા લોકો ઘરની ફરતે પાણી આવી જતાં ફસાઈ ગયા હતા. તેમને સ્થાનિક લોકોએ પાણીમાંથી બહાર કાઢીને સ્થાનિક પ્રાથમિક શાળામાં સ્થળાંતર કરીને ભોજન અને પાણીની વ્યવસ્થા કરી હતી.

રાત્રિના પડેલા ભારે વરસાદથી વાલિયાનાં ઘણાં ગામોમાં પાણી લોકોનાં ઘરમાં આવી ગયા હતા. જેમની રાહત કામગીરી સ્થાનિક અગ્રણીઓએ તેમજ જિલ્લા, તાલુકા વહીવટી તંત્ર સજ્જ બની ગયા હતા. વાલિયા તાલુકામાં લગભગ ત્રણ દાયકા બાદ જળપ્રલય થતાં માત્ર આઠ કલાકમાં 12 ઈંચ વરસાદ પડ્યો હતો. જેને લઈને વાલિયા તાલુકામાં મોટો ભાગ જળબંબાકાર બની ગયો હતો. વાલિયાના રાજગઢ-ભાગા ગામમાં નવા બની રહેલા રસ્તાની બંને બાજુ તેમજ રસ્તા ઉપર બે ફૂટ પાણી ભરાઈ ગયા હતા તેમજ ગામના લોકોનાં ઘરોમાં પાણી ભરાઈ ગયા હતા. આવી જ સ્થિતિનું નિર્માણ પણસોલી ગામના ફડકોઈ ફળિયામાં થયું હતું.

## ભરૂચ જિલ્લાના 8 તાલુકામાં 47 રોડ બંધ કરવા પડ્યા

**ઓવર** ટોપિંગ, ડાયવર્ઝન, વૈકલ્પિક રસ્તો ન હોવાથી, ધોવાણ, અંડરપાસમાં પાણી વહેવાને કારણે તંત્રનો નિર્ણય

ભરૂચ: ભરૂચ જિલ્લામાં વાલિયા-નેત્રંગ સહિત આઠ તાલુકામાં અતિવૃષ્ટિને કારણે 47 રોડ પર ઓવર ટોપિંગ સહિત નવ જેટલા રસ્તા બંધ કરવાની નોબત આવી હતી. વાલિયા તાલુકામાં ગાંધુથી ડણસોલી રોડ, સેવડ-દોલતપુર રોડ સહિત 17 રોડ, નેત્રંગ તાલુકાના આંજોલી એપ્રોચ સહિત 6 રોડ, વલી-કોલિયાપાડા રોડ સહિત 4 રોડ, અંકલેશ્વર તાલુકાનું દઢાલ જીતાલી-સેંગપુર સહિત 6 રોડ, હાંસોટ તાલુકામાં પાંજરોલીથી કોમ નદીને જોડતો 1 રોડ, આમોદ તાલુકાના માતરથી પુરસા રોડ સહિત 4 રોડ, ભરૂચ તાલુકાનું પરીએજ બાવારૂસ્તમ રોડ સહિત 7 રોડ અને વાગરા તાલુકાના વહિયાલ-કોઠિયા રોડ સહિત 2 રોડ મળીને કુલ 47 રોડ નવ જેટલા કારણે બંધ કરવાની નોબત આવી છે. જેમાં ઓવર ટોપિંગ, ડાયવર્ઝન, વૈકલ્પિક રસ્તો ન હોવાથી, રસ્તામાં બ્રીચ પાડવાથી, એપ્રોચ રોડનું ધોવાણ, સ્ટ્રક્ચર ડેમેજ, અંડરપાસમાં પાણી વહેતા, ઘેડ વિસ્તારને કારણે અને સ્ટ્રક્ચર એપ્રોચમાં નુકસાન થવાને કારણે રોડ બંધ કરવા પડ્યા છે.



મેહુલ પટેલ

## 5 કે 500 રૂપિયા ન હોવાથી શેરથી વંચિત ખેડૂતોને ન્યાય મળ્યો છે: માનસિંહ પટેલ

**મહુવા** સુગર ફેક્ટરી દ્વારા ૬૨૦ નોમિનલ સભાસદોને સભાસદ બનાવી શેર સર્ટિ. વિતરણ કરાયાં

અનાવલ: શ્રી મહુવા પ્રદેશ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લિ. બામણિયા (મહુવા સુગર)માં વર્ષ ૨૦૧૫/૧૬થી ૨૦૨૦/૨૧ સુધીમાં શેરડી આપતા આવેલા નોમિનલ સભાસદો કે આજદિન સુધી સુગર ફેક્ટરીના શેરથી વંચિત હતા તેવા નોમિનલ સભાસદોને (શેરધારક) (શેર હોલ્ડર) સભાસદ બનાવી તેમને શેર સર્ટિ. વિતરણ કરવાનો કાર્યક્રમ મહુવા સુગરના ચેરમેન સુમુલ ડેરી સુરતના ચેરમેનને સહકારી આગેવાન માનસિંહભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને તેમજ સુગર ફેક્ટરીના ડિરેક્ટર, અનાવલ ઝોનના ડિરેક્ટર વિપુલભાઈ પટેલની હાજરીમાં યોજવામાં આવ્યો હતો. મહુવા સુગરના ૬૨૦ જેટલા નોમિનલ સભાસદોને શેર સર્ટિ. આપવામાં આવ્યાં હતાં, જેમાં મહુવા સુગરના અનાવલ ઝોન તેમજ રાનકૂવા ઝોનના ૭૦ જેટલા સભાસદોને શેર સર્ટિ. આપવામાં આવી હતી.

આ પ્રસંગે સભાના અધ્યક્ષ માનસિંહ પટેલે ભૂતકાળની વાતોને યાદ કરતા કહ્યું હતું કે, એક સમય હતો કે નાના અને સીમાંત ખેડૂતો પાસે શેર ખરીદવાના 5 રૂપિયા કે 500 રૂપિયા પણ ના હતા. આથી ઘણા જરૂરિયાતમંદ ખેડૂતો શેરથી વંચિત રહી ગયા હતા. સંસ્થાના નીતિ નિયમો મુજબ કાર્યવાહી કરી સભાસદ બનાવવાની પ્રક્રિયા પૂર્ણ કરી આજે શેર આપી રહ્યા છીએ. ખેડૂતોને ન્યાય મળ્યો છે.

## સુરત જિલ્લાનાં ૫૮૭ ગામમાં રૂ.૧૦.૪૩ કરોડના ખર્ચે ૨૦૩૧ જળસંચયનાં કાર્યોનો પ્રારંભ

**માંડવીના** તડકેશ્વર ખાતે જળસંચયનાં કામોનો શુભારંભ થયો



હિતેશ પટેલ

માંડવી: વરસાદના પાણીના એક એક ટીપાનો ભૂગર્ભમાં સંગ્રહ કરીને ભૂગર્ભ જળ ઊંચા લાવવાના હેતુથી 'જળસંચય જનભાગીદારી અભિયાન' અંતર્ગત માંડવી તાલુકાના તડકેશ્વર ખાતેથી કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર. પાટીલના હસ્તે સુરત જિલ્લાનાં ૫૮૭ ગામમાં રૂ.૧૦.૪૩ કરોડના ખર્ચે ૨૦૩૧ જેટલા જળસંચયના કાર્યોનો પ્રારંભ કરાયો હતો. મંત્રીએ રેઈન વોટર હાર્વેસ્ટિંગના ડિજિટલ મોનિટરિંગ ડેશ બોર્ડનું લોન્ચિંગ પણ કર્યું હતું. આ પ્રસંગે આદિજાતિ વિકાસ રાજ્યમંત્રી કુંવરજીભાઈ હળપતિ તથા સાંસદ પ્રભુભાઈ વસાવા ઉપસ્થિત રહ્યા હતા. જળસંચય અભિયાન હેઠળ બોર-કુવા રિચાર્જ અને રિચાર્જ પીટ હેઠળના રેઈન વોટર હાર્વેસ્ટિંગનાં કામો હાથ ધરવામાં આવશે.

આ પ્રસંગે કેન્દ્રીય જળશક્તિ મંત્રીએ જળસંચય અભિયાન હેઠળ પાણીરૂપી પારસમણિને સંગ્રહ કરવાના કાર્યનો પ્રારંભ પ્રથમ સુરત જિલ્લામાંથી થઈ રહ્યો છે. જે ગુજરાત સહિત સમગ્ર ભારતમાં મોટુ જનઅભિયાન બનશે એમ જણાવી બંધ ખાનગી ટ્યુબવેલને વરસાદી પાણીથી રિચાર્જ કરી ફરી તે જ પાણીનો ઉપયોગ કરવા અનુરોધ કર્યો હતો. જિલ્લામાં ૧૫૦૦ બોરનું કામ ૨૦ દિવસમાં પૂર્ણ થશે. આ કાર્યમાં સુમુલ ડેરી પણ ૧૨૦૦ બોર રિચાર્જ કરીને અભિયાનમાં જોડાશે. આ ઉપરાંત કડોદરાની ઈન્ડસ્ટ્રીઝ પણ મોટી સંખ્યામાં રિચાર્જિંગના કાર્યમાં જોડાશે તેનો પણ મંત્રીએ ઉલ્લેખ કર્યો હતો. આ પ્રસંગે મંત્રીગણ અને મહાનુભાવોએ વૃક્ષારોપણ કરી પર્યાવરણ સંરક્ષણનો સંદેશ આપ્યો હતો. આ પ્રસંગે જિ.પંચાયત પ્રમુખ ભાવિનીબેન પટેલ, જિ.વિકાસ અધિકારી શિવાની ગોયલ, જિ.પોલીસ અધિક્ષક હિતેશ જોયસર, DRDA ડિરેક્ટર એમ.બી.પ્રજાપતિ, ડી.એમ.મહાકાલ, જિલ્લા સંગઠન પ્રમુખ ભરત રાઠોડ, પૂર્વ સ્થાયી સમિતિના ચેરમેન પરેશભાઈ પટેલ તથા મહામંત્રી જિગર નાયક, પ્રાંત અધિકારી કૌશિક જાદવ,ટીડીઓ રવિન્દ્ર સિંહ સોલંકી, મામલતદાર એફ.બી. વસાવા, વિવિધ વિભાગના અધિકારીઓ, સરપંચો, જિ.તા. પંચાયતના સદસ્યો, ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## ભારે વરસાદ બાદ ભરૂચ જિલ્લાનો આરોગ્ય વિભાગ દોડતો થયો

ભરૂચ: બુધવારે ભરૂચ જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારી અને તેમની ટીમ દ્વારા પૂર અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત કરવામાં આવી હતી. જ્યાં હાંસોટ તાલુકાના આસરમા, પાંજરોલી વગેરે જેવા પૂર અસરગસ્ત વિસ્તારોની મુલાકાત લઈ ગ્રામજનો, તલાટીઓ અને



સરપંચ સાથે ચર્ચા કરી પૂરના પાણી ઊતરી ગયા પછી રોગચાળા અટકાયતી પગલાં માટે કેવું આયોજન કરવું તે સમજાવાયું હતું. ભરૂચ જિલ્લામાં નાના બાળકો, સગર્ભાઓ, બીમાર અને વૃદ્ધ લોકોને આરોગ્ય વિભાગની ખાસ દેખરેખ હેઠળ રાખવામાં આવ્યા હતા.

## સંક્ષિપ્ત સમાચાર

### મુન્શી મહિલા બી.એડ કોલેજની તાલીમાર્થી બહેનોએ ભરૂચમાં વડીલોનું ઘર (વૃદ્ધાશ્રમ)ની મુલાકાત લીધી



ભરૂચ: "એક ઘરડાઘર એવું કે સૌ વડીલોને ગમે રહેવું". જે માટે મુન્શી મહિલા બી.એડ. કોલેજનાં એસ.વાયના તાલીમાર્થિનીઓએ ભરૂચ કસકકુવારા પાસે વડીલોનું ઘર (વૃદ્ધાશ્રમ)ની મુલાકાત લીધી હતી. વૃદ્ધાશ્રમમાં રહેતા વડીલોને તાલીમાર્થિની બહેનો લાગણીથી મળ્યા હતા. આ મુલાકાત વેળા કોલેજના અધ્યાપિકા ડો.ઝેબુન્નીશાબાનું એચ.સૈયદ તેમજ પ્રો.હેતલબેન એચ.મહીડા પણ ઉપસ્થિત રહ્યા હતા.

### વાલિયાની GIPCL રંગ નવચેતન વિદ્યાલયના શિક્ષકને એવોર્ડ અપાશે



ભરૂચ: તા.5 સપ્ટેમ્બરે ભરૂચ જિલ્લાના 12 શિક્ષકોને તાલુકા કક્ષા અને જિલ્લા કક્ષાના શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક એવોર્ડ એનાયત કરાશે. વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે સતત કાર્યરત કે GIPCL રંગ નવચેતન વિદ્યામંદિર, વાલિયાના શિક્ષક હિરેનકુમાર દિહેણીયાને જિલ્લા કક્ષાએ શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ એનાયત કરાશે. હિરેનકુમાર વર્ષ-2008થી ગણિત-વિજ્ઞાનના શિક્ષક તરીકે કાર્યરત છે. ગત વર્ષે ધો.10માં શાળાનું પરિણામ 93 ટકા જેમાં વિજ્ઞાન-ગણિત વિષયમાં 100 ટકા પરિણામ મેળવ્યું હતું. તેઓ ગણિત-વિજ્ઞાન જેવા અઘરા વિષયોને સરળ-સચોટ રીતે ગીત-સંગીતને અઘરા મુદ્દા સાથે સાંકળીને ભણાવે છે.

### કોસંબાની નવસર્જન ગુજરાતી અને અંગ્રેજી માધ્યમ શાળામાં યુવા મહોત્સવ યોજાયો



ઈબ્રાહીમ કાનુ

હથોડા: માંગરોળના તરસાડી-કોસંબા ખાતે આવેલી ઈંગ્લિશ મિડીયમ સ્કૂલ કોસંબા એજ્યુકેશન ટ્રસ્ટ કોસંબા સંચાલિત નવસર્જન ગુજરાતી અને અંગ્રેજી માધ્યમ શાળામાં તારીખ 3 સપ્ટેમ્બરે માંગરોળ તાલુકા કક્ષાના યુવા મહોત્સવનું આયોજન કરાયું હતું. કમિશનર યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ગાંધીનગરના ઉપક્રમે જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી સુરત દ્વારા INNOVATION IN SCIENCE AND TECHNOLOGY થિમ અંતર્ગત આયોજિત આ યુવા મહોત્સવમાં વિદ્યાર્થીઓએ ભાગ લઈ સર્જનાત્મક કારીગરી, નિબંધ લેખન, ચિત્રકલા, વક્તૃત્વ સ્પર્ધા, સામૂહિક ગીત, લગ્નગીત, ભજન, લોક વાર્તાની ઝલક આપી હતી. આ કાર્યક્રમમાં તરસાડી વિસ્તારની જૂની અને જાણીતી શાળા શ્રી વી.એસ.પટેલનાં આચાર્યા અભિષાબેન પટેલ મુખ્ય મહેમાન તરીકે હાજર રહ્યાં હતાં. નવસર્જન શાળા પરિવાર તરફથી શાળાના પ્રિન્સિપાલ અને બાકી શિક્ષકોએ સુરત જિલ્લા યુવા અને સાંસ્કૃતિક કચેરીનો આભાર વ્યક્ત કર્યો હતો.

### અંકલેશ્વરમાંથી કોલસા ચોરી કૌભાંડમાં વધુ એક આરોપી ઝડપાયો

અંકલેશ્વર: અંકલેશ્વર નેશનલ હાઇવેને અડીને આવેલ ગોડાઉનમાંથી ભરૂચ લોકલ ક્રાઇમ બ્રાન્ચની ટીમે કોલસા ચોરીનું કૌભાંડ ઝડપી લીધુ હતું, જેમાં અગાઉ ૭ આરોપીને અટકાયતમાં લેવાયા હતા. હવે આ ગુનામાં વધુ એક આરોપીની ધરપકડ કરવામાં આવી હતી. સુરતના મગદલ્લા પોર્ટથી દહેજની જીએસીએલ કંપનીમાં આ કોલસો પહોંચાડવાનો હતો. જો કે, માર્ગમાં જ કોલસા માફિયાઓ ટ્રકચાલકો સાથે સાંઠગાંઠ કરીને કોલસા ચોરીને અંજામ આપી રહ્યા હતા. પોલીસે જે-તે સમયે કુલ રૂ.૬૯.૨૩ લાખનો મુદ્દામાલ કબજે કરી ૭ આરોપીની ધરપકડ કરી હતી. આ ગુનામાં સંડોવાયેલા વધુ એક આરોપી દિનેશ પાટડિયાને પણ પોલીસે ઝડપી લીધો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, અગાઉ પોલીસે ઘટના સ્થળ પરથી વજ ભીમા માલકિયા, ટ્રકચાલક રાજેન્દ્ર શ્રીરામકાલુ સરોજ, ટ્રકચાલક રોહિત લાલાભાઇ કટારા, ટ્રકના ક્લીનર અજય કટારા, રઈશ અફસર અલી, શેરૂ રાયસીંગ અમલીયાર,અજમલ હુસેન રેશમ અલીની ધરપકડ કરી હતી.

### કોંગ્રેસની ટીમ જૂના રાજગઢ-ભાગા ગામે અસરગ્રસ્તોની મુલાકાતે



ભરૂચ: વાલિયા તાલુકામાં મુશળધાર વરસાદના બીજા દિવસે પ્રદેશ મહામંત્રી સહીત આખી કોંગ્રેસ ટીમ અસરગ્રસ્ત ગામોની મુલાકાત લીધી હતી. GIPCL દ્વારા કુદરતી સ્રોતો સાથે ખોટી રીતે કરાયેલી છેડછાડને કારણે આ ગામ પૂરના પાણીથી પ્રભાવિત થતાં જ ઉચ્ચ અધિકારીને રજૂઆત કરી હતી. બુધવારે પ્રદેશ કોંગ્રેસ મહામંત્રી સંદીપ માંગરોલા, વાલિયા તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ વિજય વસાવા, ઝઘડિયા તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ ધનરાજ વસાવા સહિત કોંગ્રેસી અગ્રણી સુરેન્દ્રસિંહ અટોદરિયા, મનીષ વસાવા, અજીત વસાવા, બુધાભાઈ વસાવા અને રણજીત વસાવાએ પૂર અસરગ્રસ્ત જૂના રાજગઢ-ભાગા ગામની મુલાકાત લીધી હતી.

### આમોદમાં ઢાઢરના પાણી ઓસરતાં હવે મગરોનો ખતરો



ભરૂચ: આમોદ તાલુકામાં ઢાઢરના નદીના પૂરના પાણી ઓસર્યા બાદ હવે મગરનો ખતરો દેખાઈ રહ્યો છે. વન વિભાગે 4 ગામમાંથી એક મહાકાય અજગર સહિત 3 મગરોને રેસ્ક્યુ કરી પાંજરે પૂર્યા છે. વન વિભાગની ટીમે આમોદના નાળિયેર ગામ ખાતેથી લગભગ 15 ફૂટના મહાકાય અજગરનું રેસ્ક્યુ કર્યું હતું. તો બત્રીસી તળાવ, વાડીયા અને મંજુલાવાસણા ગામેથી મગરનું રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું.